કેદી સહાય યોજનામાં સહાયની
રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વનપ-૧૦૨૦૧૩-૮૦૪૮૦૪-ન.બા.પ-છ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:- ૨૮/૭/૨૦૧૪

વંચાણે લીધા:- 28 JUL 2014

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૦-૧૧-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક:કસય-૧૦૯૮-૨૦૩૦ (૨૦૦૦)-છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૫-૧૧-૨૦૧૩ નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/ન.બા./૧૩-૧૪/૨૬૫

**પ્રસ્તાવના:**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હેઠળ મુકત બંદીવાન સહાય હેઠળ જેલમાં પાંચ વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય તેવા કેદીઓને કે જેઓ કુંટુંબના કમાઉ વ્યકિત હોય તેવા અને તેઓનું કુંટુબ ગરીબી રેખા નીચે જીવતા કુંટુબોની યાદીમાં સમાવિષ્ટ હોય તેવા કુંટુંબને આર્થિક રીતે પગભર થવા માટે રૂ. ૫૦૦૦/- આર્થિક સહાય સાધન સ્વરુપે આપવામાં આવે છે. જેમાં સિલાઇ મશીન, દૂધાળા ઢોર, ચાર પૈડાની લારી ખરીદવા માટે આ સહાય આપવામાં આવે છે. જે ઘણી ઓછી છે. આ યોજનામાં આર્થિક સહાયના દર ઘણા લાંબા સમયથી વધારવામાં આવેલ નથી.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અન્વયેના રાજય સરકારના તા.૨૦-૧૧-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:કસય-૧૦૯૮-૨૦૩૦ (૨૦૦૦)-છ માં સહાયમાં વધારો કરવાની જરુરીયાત જણાયેલ હોઇ, વંચાણે લીધેલ ક્રમ (૨) ના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે સને ૨૦૧૪-૨૦૧૫ ના અંદાજપત્રમાં રૂ. ૧૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે કેદી સહાયની રકમ રૂ. ૫,૦૦૦/- થી વધારી રૂ. ૧૦,૦૦૦/- કરવાની નવી બાબતને નીચે મુજબની શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયેના કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરાવોનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ તા.૦૧-૦૮-૨૦૧૪ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૨ (પ્લાન), ૨૨૩૫ – સામાજીક સુરક્ષા અને કલ્યાણ,૦૨ - સમાજ કલ્યાણ,૧૦૪ - વૃધ્ધો અશકત અને નિરાધારોનું કલ્યાણ, ૦૧-એસ.સી.ડબલ્યુ-૧૯ સુધારણાલક્ષી અને બિન સુધારણાલક્ષી સંસ્થામાંથી છૂટા કરેલ વ્યક્તિઓ માટે પ્રશ્ચાદ સંભાળ અને પુન:સ્થાપન કાર્યક્રમ અનાથોને શિષ્યવૃતિ સ્કીમ નં.૧૧૭૯૧૮ સદરે કરાયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૧-૭-૨૦૧૪ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,

- માન.મંત્રીશ્રી. (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર. (તાબા હેઠળની તમામ કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ.
- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓ (મારફતે : નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગર.
- બ- શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.